ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),
"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.com Website : www.sgcci.com

રેફ નં. તા: ૮–૪– ૨૦૧૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઓટો એક્ષ્પો દરમિયાન 'ઓલ્ટરનેટ ફયુઅલ' વિશે સેમિનાર યોજાયો

સુરતઃ ધી સધર્ન ગૂજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી આયોજિત 'સુરત ઓટો એક્ષ્પો–૨૦૧૧' દરમિયાન સેમિનારશ્રેણીમાં 'ઓલ્ટરનેટ ફયુઅલ' વિશે સેમિનાર ધી સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર,સરસાણામાં યોજાયો હતો.
આ સેમિનારમાં મુખ્ય વકતા તરીકે એઆરએઆઈના પાવર ટ્રેઈન ઈન્જીનિયરીંગના સીનિયર આસિસ્ટન્ટ ડિરેકટર ડો.એસ.એસ.થિપ્સેએ વૈકલ્પિક ઈંધણ વિશે માહિતીપ્રદ વકતવ્ય રજૂ કર્યું હતું.

સેમિનારના આરંભે એકિઝબિશનના કન્વીનર શ્રી ધીરેન થરનારીએ આમંત્રિત વકતા તથા મહાનુભાવોનું સ્વાગત કરતાં કહયું હતું કે,આજે જયારે પેટ્રોલિયમ પેદાશોના ભાવ દિવસે દિવસે વધતા જાય છે અને પેટ્રોલિયમનો જથ્થો પણ ઘટતો જાય છે ત્યારે આપણે વૈકિલ્પક ઈંધણની દિશામાં વિચારવાનો સમય આવી ગયો છે.આ સેમિનારના મુખ્ય વકતા એ વિષયના નિષ્ણાત છે અને આજે વિશ્વમાં એ દિશામાં કેવા પ્રકારના સંશોધનો થઈ રહયા છે એ વિશે વિસ્તૃત જાણકારી આપશે જે સૌને માટે મહત્વની પુરવાર થશે.

પૂણેથી પધારેલા એઆરએઆઈના પાવર ટ્રેઈન ઈન્જીનિયરીંગના સીનિયર આસિસ્ટન્ટ ડિરેકટર ડો.એસ.એસ.થિપ્સેએ કહયું હતું કે,આપણે જો ઈંધણના એકજ સ્રોત ઉપર આધાર રાખત હશું તો ભવિષ્યમાં ઘણી સમસ્યાઓ આવી શકે છે.સમયસર વૈકલ્પિક ઈંધણ વિશેના સંશોધનો આગળ વધારવાજ પડશે.તેમણે પેટ્રોલ અને ડિઝલના વિકલ્પો વિશે વિસ્તૃત જાણકારી આપતાં કહયું હતું કે,કહેરી વિસ્તારો માટે ગેસ એ યોગ્ય વિકલ્પ છે જયારે ગ્રામીણ વિસ્તારો માટે બાયો ડિઝલ એ યોગ્ય વિકલ્પ ગણાય.તેમણે સીએનજી અને એલપીજી ગેસના ઉપયોગ અને એના ફાયદાઓની માહિતી આપી હતી.તેમણે કહયું હતું કે,ગેસનો ઉપયોગ કરવાની શરૂઆત ૧૯૩૯માં ઈટાલીમાં થઈ

હતી.ભારતમાં આ ટેકનોલોજીનું આગમન ૧૯૯૧ માં થયું હતું.આ ટેકનોલોજીમાં સમયાંતરે સુધારાઓ થતા ગયા છે.સીએનજી કીટમાં અને વાહનોમાં પણ સુધારાઓ થયા છે ખાસ કરીને ડિઝલ વાહનોમાં એવ ફેરફારો જરૂરી હોય છે.તેમણે બીજા વિકલ્પ તરીકે બાયો ફ્યુઅલમાં ઈથેનોલના ઉપયોગ વિશે જાણકારી આપી હતી.તેમણે કહયું હતું કે,બ્રાઝીલમાં ઈથેનોલનો સૌથી વધૂ ઉપયોગ થાય છે જયારે ભારતમાં ઈથેનોલ મોટા પ્રમાણમાં ઉપલબ્ધ હોવા છતાં ઈંધણ તરીકે અનો ઉપયોગ પુરતા પ્રમાણમાં થઈ શકતો નથી.તેમણે એમ પણ કહયું હતું કેઆયોજનપંચે બાયોડિઝલના ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની જાહેરાત પણ કરી છે.ઘણા રાજયોમાં એ દિશામાં પહેલ થઈ છે.જેને કારણે ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો પણ વધી શકે છે.ઓલ્ટરનેટીવ પાવર ટ્રેઈન્સ વિશે જાણકારી આપતાં તેમણે બેટરી સંચાલિત ટુ વ્હીલર્સ અને ફોર વ્હીલર્સમાં થઈ રહેલા સંશોધનોની વિસ્તૃત માહિતી આપી હતી.જેમાં ઈ બાઈકસ,સોલાર વ્હીકલ,વોટર કાર,હાઈડ્રોજન એન્જીન અને હાઈબ્રીડ એન્જીનનો સમાવેશ થાય છે.ઉપસ્થિત શ્રોતાઓના પ્રશ્નોના પણ તેમણે સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

કાર્યક્રમના અંતે એવોર્ડ મોટર્સના શ્રી વિશાલ સિંહાએ આભારવિધિ આટોપી હતી.